# વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

## આકારણી શાખા

**બાકી મિલકત વેરામાં પ્રોત્સાહક વ્યાજ વળતર યોજનાનો જાહેર જનતાને લાભ લેવા માટે રજાઓના દિવસોમાં તમામ વોર્ડ કચેરીઓ ખુલ્લી રાખવા બાબત.**

સને ૨૦૨૩-૨૪ ના વર્ષનો મિલકત વેરો ભરવાનો બાકી હોય તેવા તમામ મિલકતદારો દ્વારા ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન અગાઉના બાકી વેરાની તમામ રકમ પુરે પુરી ભરપાઈ કરવામાં આવશે તો મિલકત વેરામાં નીચે મુજબની રાહત મળવાપાત્ર થાય છે.

તા. ૦૧-૦૨-૨૦૨૪ થી તા. ૩૧-૦૩-૨૦૨૪ સુધી રહેણાંક મિલકતો માટે ૭૦% અને બિન રહેણાંક મિલકતો માટે ૫૦% પાછલા વર્ષના બાકી વ્યાજ પર રીબેટ તેમજ વોરંટ ફી, નોટીસ ફી, પેનલ્ટીમાં ૧૦૦% રાહત.

વર્ષ ૨૦૨૩-૨૪ ના વર્ષનો મિલકત વેરો, વ્યવસાય વેરો તથા આજીવન વાહન કર ભરવાનો બાકી હોય તેવા કરદાતાઓ ચાલુ નાણાકીય વર્ષ દરમ્યાન બાકી વેરાની રકમ ભરી શકે અને વ્યાજ વળતર યોજનાનો વધુમાં વધુ લોકોને લાભ મળે તે હેતુથી માહે ફેબ્રુઆરી અને માર્ચ-૨૦૨૪ માં તા.૨૪-૦૨-૨૦૨૪ (ચોથો શનિવાર), તા.૦૯-૦૩-૨૦૨૪ (બીજો શનિવાર), તા.૨૩-૦૩-૨૦૨૪ (ચોથો શનિવાર) અને તા.૨૫-૦૨-૨૦૨૪, તા.૩-૦૩-૨૦૨૪, તા.૧૦-૦૩-૨૦૨૪, તા.૧૭-૦૩-૨૦૨૪ અને તા.૩૧-૦૩-૨૦૨૪ રવિવાર ના દિવસોમાં અને જાહેર રજાના દિવસો તા.૮-૦૩-૨૦૨૪ , તા.૧૧-૦૩-૨૦૨૪, તા.૨૯-૦૩-૨૦૨૪ ના રોજ સવારે ૦૯-૩૦ થી બપોરે ૦૨-૦૦ કલાક સુધી તથા ઓફિસના કામકાજના દિવસોમાં સવારે ૦૯-૩૦ થી બપોરે ૦૪-૦૦ કલાક સુધી તમામ વોર્ડ કચેરીઓનો રેવન્યુ વિભાગ ચાલુ રાખવામાં આવશે.

વધુમાં બાકી મિલક્ત વેરો વડોદરા મહાનગરપાલિકાની વેબસાઈટ www.vmc.gov.in પર ઓનલાઈન ભરી શકાશે. તેમજ જરૂર જણાયે સંબંધિત વોર્ડ કચેરીના રેવન્યુ વિભાગમાં કામકાજના સમયગાળા દરમ્યાન સંપર્ક કરી શકાશે. ઉપરોકત યોજનાનો મહત્તમ લાભ લેવા તમામ કરદાતાઓને અનુરોધ છે.

**પી.આર.ઓ.નં. ૧૫૪૪/૨૦૨૩-૨૪** **મ્યુનિસિપલ કમિશનર**